| | | | |
|---|---|---|---|
| શ્રી એચ ટી ભલસોડ ,<br>કાર્યપાલક ઈજનેર,<br>નવસારી કૃષિ યુનિવર્સિટી,<br>નવસારી | NAVSARI AGRICULTURAL UNIVERSITY | ફોન.નં :-<br>(૦૨૬૩૭)૨૮૨૭૭૧-૭૫<br>એક્ષ.૧૧૭૫<br>email id-<br>ee@nau.in | स्वच्छ भारत<br>एक कदम स्वच्छता की ओर |

**જા.નં.નકૃયૂ/કાઇ/બી-૩/ ૭૩૪૦-૪૬ / ૨૦૧૯.** **તારીખ :-૩ -૧૨-૨૦૧૯**

# પરિપત્ર

**વિષય :- નવસારી કૃષિ યુનિવર્સિટી ની જે તે કચેરી ના બાંધકામ સમિતિ દ્વારા નિયુક્ત પી એમ સી એજન્સી મારફત હાથ ધરવા ના થતાં તમામ પ્રકાર ના કામો માં (સિવિલ તથા ઈલેક્ટ્રીક ) વપરાશ કર્તા કચેરી દ્વારા આ કામોની દેખરેખ માટે સમિતિની રચના અને અનુંસંગિક કાર્યવાહી કરવા બાબત**

આથી યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્ર અને તમામ કેન્દ્રોના તમામ યુનિટ/સબ યુનિટના વડાઓ સુવિદિત છે કે તેમના વિભાગ માટે રૂ. ૫.૦૦ લાખ (પાંચ લાખ) થી વધુ કિમત ના તમામ પ્રકારના કામોમાં (સિવિલ તથા ઈલેક્ટ્રીક )આ કચેરી મારફત હાથ ધરવામાં આવે છે. આ કચેરી પાસે આ પ્રકારના કામોની સંખ્યા વધુ હોવાને કારણે તેમજ સ્ટાફની બાબતોના કારણે આ કામો સમય મર્યાદામાં હાથ ધરી શકાતા નથી/ મુશ્કેલી પડે છે.

જેને ધ્યાનમાં લઈ આ પ્રશ્ન ના નિરાકરણ માટે તા.૨૭/૧૧/૨૦૧૯ ના રોજ મળેલ ૪૯મી બાંધકામ સમિતિના મુદ્દા નંબર ૪૯.૦૫ માં થયેલ વિગતવાર ચર્ચા વિચારણા બાદ લેવામાં આવેલ નિર્ણય મુજબ નવસારી કૃષિ યુનિવર્સિટી ની જે તે કચેરી .ના કોઈપણ કિમતના તમામ પ્રકાર ના કામો (સિવિલ તથા ઈલેક્ટ્રીક )હવે પછી યુનિવર્સિટીની બાંધકામ સમિતિ દ્વારા નિયુક્ત નીચેની પી એમ સી એજન્સી મારફત હાથ ધરવાના થાય છે.

| ક્રમ | પી એમ સી એજન્સીનું નામ અને સરનામું |
|---|---|
| ૧ | દીશા સિવિલ એંજીન્યરિંગ ડીઝાઇન,૭૧૪, પ્રતિક મોલ,સ્વામિનારાયણ ધામ નજીક,કોબા રોડ,ગાંધીનગર-૩૮૨૪૨૧ફોન નં:- ૯૪૨૬૦૬૭૦૩૯, ૯૯૭૪૪૩૫૧૩૯,ઈ-મેઈલ:- deeshacivilengineering@gmail.com |
| ૨ | ટેક્નોમેન કન્સલ્ટન્સ,૨૨૩ થી ૨૨૭, ઉગતિ કોર્પોરેટ,પ્રતિક મોલની સામે,કોબા-ગાંધીનગર હાઇવે,કૂડાસન,ગાંધીનગર.ફોન નં:- ૯૯૨૪૨૬૬૭૮૮ ઈ-મેઈલ:- info@technomen.in |
| ૩ | વિશ્વકર્મા કન્સલ્ટેંસી પ્રાઈવેટ લિમિટેડ,૩,૪,૫-એ, તિલક પાર્ક સોસાયટી, સંગમ સોસાયટીની સામે,હરણી રોડ,વડોદરા- ૩૯૦૦૨૨.ફોન નં:- ૯૮૨૫૦૪૧૭૧૬ઈ-મેઈલ:- infra@vcspl.co |

કાર્યપાલક ઇજનેરની કચેરી દ્વારા આ ત્રણ એજન્સી પૈકી જે એજન્સીને જે તે વિભાગનું કોઇ પણ કિમતના તમામ પ્રકાર ના કામો (સિવિલ તથા ઇલેક્ટ્રીક ) નો વર્ક ઓર્ડર આપવામાં આવસે ત્યારે તેની નકલ જે તે વિભાગને આપવામાં આવશે ,જેને ધ્યાનમાં લઈ જે તે વિભાગના વડાએ નીચે મુજબ ની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧) ઉપરોક્ત ત્રણ એજન્સી પૈકી જે એજન્સીની જે તે કચેરીના કામ માટેની નિયુક્તિ થયેલી હોય તે કચેરીના વડાએ આ એજન્સીના સાઇટ સુપરવાઇઝર,જુનિયર ઇજનેર,નાયબ ઇજનેર ની બેઠક વ્યવસ્થા તેમની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી હંગામી ધોરણે કરી આપવાની રહેશે.

(૨) ઉપરોક્ત ત્રણ એજન્સી પૈકી જે એજન્સીની જે તે કચેરીના કામ માટેની નિયુક્તિ થયેલી હોય તે કચેરીના વડાએ આ એજન્સીના સાઇટ સુપરવાઇઝર,જુનિયર ઇજનેર,નાયબ ઇજનેર ની કામ શરૂ થયા બાદ નિયમિત હાજરી પુરવાની વ્યવસ્થા (તેમની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી હંગામી ધોરણે)કરવાની રહેશે. તેમજ આ અંગે નો અહેવાલ સમય અંતરે કાર્યપાલક ઇજનેરની કચેરીને મોકલવાનો રહેશે.

(૩) જે કામો સીધા કાર્યપાલક ઈજનેર કરાવે છે. (ગેસ્ટ હાઉસ, વી સી બંગલો, રોડ વર્ક, ડ્રેનેજ વર્ક,વોટર સપ્લાય વગૈરે.. ) તે તમામ કામોમાં પીએમસી એજન્સી ના ફરજ બજાવતા કર્મચારીઓની હાજરી સંબંધીત નાયબ ઈજનેરએ મેળવી કાર્યપાલક ઇજનેરને રજૂ કરવાની રહેશે.

(૪) ઉપરોક્ત ત્રણ એજન્સી પૈકી જે એજન્સીની જે તે કચેરીના કામ માટેની નિયુક્તિ થયેલી હોય તે કચેરીના વડાએ તેમની કચેરીના તેમના તાબાના બે થી ત્રણ અધિકારીઓની સમિતિ બનાવવાની રહેશે. જેમાં આ કચેરીના ઉપલબ્ધ નાયબ ઈજનેર પણ સભ્ય તરીકે ફરજ બજાવવાની રહેશે. આ સંયુક્ત સમિતિએ તેમના ઉપયોગ માટેના હાથ ધરવામાં આવેલ કામ નું વખતો વખત નિરિક્ષણ કરવા નું રહેશે.આ દરિમયાન આ કામના ઠેકેદાર દ્વારા જેતે પરિસ્થિતિ મુજબ હાથ ધરેલ કામગીરીનું રનિંગ બીલ/ફાઈનલ બીલ નક્કી કરવામાં આવેલ પી.એમ.સી એજન્સી દ્વારા કોમ્પ્યુટરરાઈઝડ માપપોથીમાં માપ નોંધી યુનિવર્સિટીના નિયત કરેલ બીલ ફોર્મમાં પાચ નકલમાં બીલ બનાવી જેતે વપરાશ કર્તાની કચેરીમાં રજૂ કરવાનું રહેશે. જેમાં જેતે વપરાશ કર્તાની કચેરીની નિયુક્ત કરેલ સયુક્ત સમિતિએ રજૂ કરેલ બીલમાં કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે, હાથ ધરેલ કામગીરીના બાહ્ય નિરીક્ષણ મુજબ યોગ્ય જણાય છે, તે અંગેનું નિરીક્ષણ કરી પી.એમ.સી એજન્સી દ્વારા કોમ્પ્યુટરરાઈઝડ માપપોથીમાં/માપપોથી માં નોંધેલ બીલમાં **"ઠેકેદારશ્રી ...............દ્વારા હાથ ધરેલ કામગીરીનું બાહ્ય નિરીક્ષણ કરતાં કામગીરી પ્રાથમિક રીતે યોગ્ય જણાય છે"** તે મતલબનું પ્રમાણપત્ર આ માપપોથીમાં આપવાનું રહેશે .ત્યારબાદ પીએમસી એજન્સીએ આ તમામ રેકર્ડ કાર્યપાલક ઈજનેરની કચેરીમાં રજૂ કરવાનું રહેશે. કાર્યપાલક ઈજનેરની કચેરીમાં રજૂ થયેલ આ બીલની ચકાસણી નિયમોનુસાર કરી ઠેકેદારના બીલનું ચુકવણું કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ઉપરોક્ત પરિપત્ર ૪૯મી બાંધકામ સમિતિની બેઠક માં લેવાયેલા નિર્ણય અન્વયે માં.કુલપતિશ્રીની મંજૂરી મેળવી યુનિવર્સિટીના હિતમાં પ્રકાશિત કરવામાં આવે છે, જેનો અમલ સર્વે ચુસ્ત પણે કરવાનો રહેશે.

**કાર્યપાલક ઈજનેર**

**પ્રતિ, યુનિવર્સિટી મુખ્ય કેન્દ્ર અને તમામ પેટા કેન્દ્રોના યુનિટ સબ યુનિટના વડાઓ, તમામ પી.એમ.સી. એજન્સી, આ કચેરીના બન્ને નાયબ ઈજનેર તથા બી–૨ ટેબલ તરફ જાણ તથા અમલ થવા સારુ.**